જિલ્લામાં લાલચોળ ટામેટાનો ધગધગતો ભાવ, ૧ કિગ્રા. રૂ.૧૦૦ને લગોલગ

દાળ-શાક વધુ બે સ્વાદ બને તેવી દહેશત, લગ્નસરાની ભોજનથાળ ઉપર મોંઘવારીનો માર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શાકભાજી સસ્તાં થતાં ગૃહિણીઓમાં આનંદ છવાયો હતો. પરંતુ પાછલા એક સપ્તાહથી

લાલચોળ ટામેટાનો ધગધગતો ભાવ દાળ-શાક વધુ બેસ્વાદ બનાવે તેવી દહેશત ઉભી થઈ છે. લગ્નસરાની ભોજનથાળ ઉપર પણ ટામેટાની મોંઘવારી હાવી થતી જોવા મળી છે. ૧ કિગ્રા. ટામેટાનો ભાવ રૂા.૧૦૦ ને લગોલગ પહોંચ્યો છે. આવનારા દિવસોમાં વેપારીઓની સંગ્રહખોરીના કારણે ટામેટાના ભાવમાં વધારો થયાની વિગતો સામે આવી શકે છે.

રાજ્યમાં માત્ર જગતનો તાત લૂંટાઈ રહ્યો છે. સારુ ઉત્પાદન થાય કે ઓછું ઉત્પાદન થાય પરંતુ ખેડૂતના લલાટે માત્ર ખોટ સિવાય કશું અંકિત થતું નથી. તાજેતરમાં વરસેલા કમોસમી માવઠાએ જિલ્લાના ૪ તાલુકાના ખેડુતોની કમર તોડી નાખી છે. માત્ર આચમન રૂપ સહાય આપી ખેડૂતોનો આંસુ લૂંછવાનો પ્રયાસ થશે. અખબારોમાં વાહ-વાહની નોંધ લેવાશે. અત્યારે તો બારેમાસ ખેડૂતો પાસેથી ખેતપેદાશ અને શાકભાજી ખરીદતાં વેપારીઓ જ માલામાલ થઈ રહ્યા છે. ખેડૂતો પાયમાલ થઈ રહ્યા છે. છેલ્લા કેટલાંક દિવસથી શાકભાજીની સારી આવકને કારણે શાકભાજીના ભાવમાં ૩૦ થી ૪૦ ટકાનો ઘટાડો થતાં મહિલાઓ ભાવ ઘટતાં હરખાઈ અને લગ્નસરાના અવસર હોવાથી મોટાભાગના પરિવારોમાં ૧ ટંક ભોજન બનાવવું પડતું હતું જેથી ભાવ ઘટાડાનો લાભ મહિલાઓને જોઈએ તેવો મળ્યો નથી. ત્યાં ફરી એકવાર ભાવ વધારાના ઉઠલાએ મહિલાઓને આક્રોશ વેરવા માટે મજબૂર કર્યા છે. રસોઈમાં સ્વાદ લાવવા માટે ટામેટાની જરૂરીયાત હોય છે અને ટામેટાં, બટાકા, ડુંગળીની જેમ અમીર-ગરીબ અને મધ્યમ વર્ગીય દરેક પરીવારને ત્યાં અવશ્ય હોય છે. ટુંકમાં ટામેટાની મોંઘવારીએ ઘર-ઘર દસ્તક દીધા છે.

ગામડાંનું રાજકારણ ગરમાયું

જિલ્લામાં સરપંચના મૂરતિયાઓએ નાણાંની કોથળી ખુલ્લી મૂકી

ગ્રામ્ય વિસ્તારોમાં ભોજન સમારંભ, નાસ્તાની જ્યાફતો શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થતાંની સાથે જ ગામડાંનું રાજકારણ એકાએક ગરમાયું છે. સરપંચ પદ માટે અગાઉથી તૈયારી કરનારા મૂરતિયાઓએ અત્યારથી જ ભોજન સમારંભો તેમજ નાસ્તા માટે નાણાંની કોથળીઓ ખુલ્લી મૂકી છે. જિલ્લામાં ગામડાંની પ્રજાને અનેક પ્રકારના પ્રલોભન આપી મૂરતિયાઓએ મેદાનમાં ઝંપલાવતાં ઠેકઠેકાણે ગ્રામ પંચાયતની ચૂંટણીની ચર્ચાઓ સવાર થી સાંજ સુધી સાંભળવા મળતી હોય છે.

ગ્રામ્ય વિસ્તારોમાં સરપંચ પદ એક મોભાદાર ગણાતું હોવાથી ચૂંટણી જાહેર થાય એટલે જીત માટે એડી ટોચનું જોર લગાવાતું હોય છે. બંન્ને જિલ્લામાં ગ્રામ પંચાયતોનું ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થતાં સરપંચ પદ તેમજ સભ્યો માટે મૂરતિયાઓએ જરૂરી દસ્તાવેજો માટે દોડધામ શરૂ કરી છે તો બીજી તરફ કોઈપણ ભોગે ચૂંટણી જીતવી હોવાથી ગત ચુંટણીમા નોટબંધી હોવા છતાં સરપંચ પદના ઉમેદવારોએ પૈસા વેરવાની શરૂઆત કરી હતી તેના કરતા પણ બમણા પૈસા વેરવાની શરુઆત થઈ ચુકી છે. જિલ્લામાં અત્યારથી જ હોટલોમાં ભોજન સમારંભો તેમજ નાસ્તા-ફરસાણની જ્યાફતો ગ્રામ્ય વિસ્તારોમાં શરૂ થઈ છે. કેટલાક ગામડાઓમાં સરપંચ પદની સીટ બદલાતાં ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆતો છતાં કોઈ ફેરફાર થયો નથી જેથી રાજકીય સમીકરણ કેવાં રહેશે તે તો આગામી ચૂંટણી પછી જ જણાશે. ટૂંકમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થતાંની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં ભરશિયાળે રાજકારણ ગરમાયું છે. ૨૦ મહિનાથી કોરોનાના કારણે પૈસાની કટોકટી હોવાનું હમણાં સુધી ગાણું ગાતાં સરપંચ પદના મૂરતિયાઓએ નાણાંની કોથળી ખુલ્લી મુકતાં મળતિયાઓને જલસા શરૂ થયા છે. જ્યારે ચૂંટણી જીતવા માટે ગ્રામ્ય મતદારોને વચનોની કોઈ દરીદ્રતા નથી તે ઉક્તિ અનુસાર અનેક પ્રકારના વચનો આપવામાં આવી રહ્યાં છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વિકાસ કામોને ચૂંટણી આચારસંહિતાનું ગ્રહણ લાગ્યું

રોડ, ગટર લાઈન સહિતના કામો ઠપ્પ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થતાંની સાથે ચૂંટણી આચારસંહિતા અમલમાં આવતાં ગ્રામ્ય વિસ્તારોમાં થઈ રહેલા વિકાસ કામોને આપો આપ ગ્રહણ લાગ્યું છે. જિલ્લામાં રાજ્ય સરકારની અનેકવિધ યોજનાઓ થકી રોડ, ગટરલાઈન સહિતના વિકાસ કામોનો ચૂંટણી અગાઉ સ્પષ્ટ ધમધમાટ જોવા મળતો હતો પરંતુ કડક આચારસંહિતા અમલી બનતાં કામો ઠપ્પ થયાં છે.

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગામડાંની કાયા પલટ કરવા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકતાં અનેક સમસ્યાઓથી વર્ષો અગાઉ સબડતાં ગામડાં વિકસિત બનવા લાગ્યાં છે. આત્મા ગામડાંનો અને સુવિધા શહેરી જેવી હોય તેવી સરકારની નેમના કારણે ગામડાંને જોડતા માર્ગોને પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી ગ્રામસડક યોજનાથી તૈયાર કરી સુવિધા વધારવામાં આવી છે. સરકારે ગ્રામ્ય વિસ્તારોમાં સુખ-સુવિધાઓ વધે તે માટે યોજનાઓનો ધોધ વરસાવતાં રોડ, સ્ટ્રીટલાઈટ અને ગટરલાઈન સહિતના કામોથી ગામો હમણાં સુધી ધમધમતાં હતાં પરંતુ બંન્ને જિલ્લામાં ૨૨ નવેમ્બરથી ગ્રામ પંચાયતની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થતાં કડક આચારસંહિતાના અમલથી ગામડાઓમાં રોડ, ગટરલાઈન સહિતના વિકાસના અનેકવિધ કામો ઉપર હાલપૂરતી બ્રેક આવી છે. જિલ્લામાં કેટલાય વિસ્તારોમાં તો આચારસંહિતાના કારણે રોડના કામો અધવચ્ચે અટકી પડ્યા છે. જ્યારે મંજૂર થયેલા વિકાસના કામો માટે છેલ્લે સુધી સરપંચોએ જશ ખાટવા માટેના પ્રયત્નો આદરી ફરીથી ચૂંટણીમાં ગ્રામ્ય પ્રજાના મત મેળવવાના પ્રયાસો શરૂ કરી દીધા છે પરંતુ લાખો રૂપિયાના મંજૂર થયેલા કામો પણ હાલ અટવાયાં છે. જિલ્લામાં કડક ચૂંટણી આચારસંહિતાનું પાલન થતાં સરકારની વિવિધ યોજનાઓથી તૈયાર થતાં કામો અટવાતાં ટેન્ડરથી કામ રાખનાર કોન્ટ્રાક્ટરો તેમજ એજન્સીઓને માઠા દિવસ શરૂ થયા છે.

લગ્નના અવસરમાં ચૂંટણી પ્રચારની તક ઝડપતા ભાવિ ઉમેદવારો

જિલ્લાની ૫૫૬ ગ્રામ પંચાયતો માટે ચૂંટણીની શતરંજ ગોઠવવાની શરૂઆત ભાજપના મોટા ગજાના કાર્યકરો સરપંચ પદના ચૂંટણી જંગમાં ઝંપલાવશે..!!

બાયડ, તા. ૨૫ રાજ્યમાં ડિસેમ્બર-૨૦૨૧માં મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોની ચૂંટણી તા.૧૯ ડિસેમ્બરે ચૂંટણી યોજવા અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૫૫૬ ગ્રામ પંચાયતોમાં સામાન્ય-પેટા ચૂંટણી યોજવા તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ થઈ છે. ભાવિ ઉમેદવારોએ લગ્નના અવસરમાં ચૂંટણી પ્રચારની તક ઝડપી લેવાના અને શક્તિ પ્રદર્શનના આડકતરા ઈશારા દેખાડવાની શરૂઆત કરી છે. ત્યારે જિલ્લાની કેટલીક મોટી ગ્રામ પંચાયતોમાં ભાજપના મોટાગજાના કાર્યકરો સરપંચ પદના ચૂંટણી જંગમાં ઝંપલાવશે તેવી વિગતો પણ બહાર આવતાં ગ્રામ્ય રાજકારણ વધુ ગરમાવવાની સાથે હવે વધાનસભા, લોકસભા ચૂંટણીની જેમ ગ્રામ પંચાયતની ચૂંટણી પણ રાજકીય રંગ પકડે તેવી સંભાવના વધી છે.

દર વર્ષે લગભગ શિયાળા દરમ્યાન જ ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટાચૂંટણી યોજાતી હોય છે. ઠંડી અને ખેતીની સીઝન સમયે ચૂંટણીના કારણે તાપણાં દરમ્યાન જ ચૂંટણી પ્રચાર કાર્ય શરૂ થાય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવા માટેના તમામ આયોજનો ઉપર તંત્ર કામ કરી રહ્યું છે. નવેમ્બરના અંત સુધીમાં ચૂંટણી અંગેનું જાહેરનામું અમલી બને તેવી પૂરેપૂરી સંભાવના વચ્ચે જિલ્લામાં ૨૫૦થી વધુ મહિલાઓ સરપંચ પદે ચૂંટાવવાની છે ત્યારે ભાજપ દ્વારા ગ્રામ પંચાયત ચૂંટણીમાં પણ પક્ષના મેન્ડેટ દ્વારા ઉમેદવારને મેદાનમાં ઉતારવાની ચાલતી હીલચાલે અન્ય રાજકીય પક્ષોના પેટમાં શૂળ ઉભું કર્યું છે. લગ્નના અવસર દરમ્યાન રસોડા ઉપર તેમજ ભોજન સમારંભોમાં સરપંચ અને વોર્ડના ઉમેદવારોની ચર્ચા વધુ સંભળાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં લગ્ન હોય ત્યાં ખાટલા પરીષદો પણ શરૂ થઈ છે.

કેટલાક ભાવિ ઉમેદવારોએ તો અત્યારથી જ રાત્રિના ખાણી-પીણી સ્ટોલ શરૂ કર્યા છે. જ્યારે અગાઉની ચૂંટણીમાં મદદ કર્યાની વાતો તાજી કરાવી આ વખતે અમારા સમર્થનમાં રહો, તમારે ઉભા રહેવાનું નથી તેવા સંવાદો પણ શરૂ થતાં કેટલાક શાણા મતદારોએ જાહેરનામાં અગાઉ જ મૌન રહેવાનું મુનાસીફ માન્યું છે. જિલ્લાની બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા, મોડાસા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર તાલુકાની મુદત પૂર્ણ કરનારી ૪૯૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે પંચાયત ઈલેક્શન વિભાગ દ્વારા ત મામ ડેટા એકત્ર થઈ રહ્યા છે. જ્યાં સરપંચ તેમજ વોર્ડ બેઠકના પ્રકાર મુદ્દે વિવાદ હતા તે પણ હવે સમેટાયા છે. પરંતુ ગ્રામ પંચાયતોની ચૂંટણીના કારણે રાજકીય ચહલ પહલ સૌથી વધુ જોવા મળી છે.

જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સરપંચ પદની ચૂંટણી લડવાની ચર્ચા શરૂ

બૃહદ સાબરકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વપ્રમુખ પોતાના ગામની ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી જાહેર થતાં તેઓએ પણ સરપંચ પદની ચૂંટણી લડવા માટે તૈયારીઓ કર્યાની ચર્ચા શરૂ થઈ છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કેસ નોંધાતા લગ્નના અવસરો ઉપર સંકટ મંડરાયું

આરોગ્ય કર્મચારીની બેદરકારીથી જિલ્લામાં ફરીવાર પગપેસારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

અરવલ્લી જિલ્લામાં પ્રજા અને આરોગ્ય તંત્રની જાગૃતતાના કારણે કોરોના સંક્રમણ ઉપર સંપૂર્ણ અંકુશ આવ્યો હતો પરંતુ દેવભૂમિમાં ધાર્મિક વિધિ કરવા ગયેલા આરોગ્ય કર્મચારીની બેદરકારીથી ૪ મહિના પછી જિલ્લો કોરોના સંક્રમણમાં આવ્યો છે. મોડાસામાં કોરોના સંક્રમણનો કેસ નોંધાતા આરોગ્ય તંત્ર દ્વારા સંક્રમણ ન ફેલાય તે માટે તકેદારી રૂપ તમામ આગોતરાં પગલાં ભરાવામાં આવ્યાં છે.

સાબરકાંઠા જિલ્લા પછી અરવલ્લી જિલ્લામાં લાંબા સમય પછી કોરોનાની ત્રીજી ઈનિંગનો પ્રારંભ થયો છે. કોરોનાનું સંક્રમણ દિવાળી પછી વધુ વકરે તેવી દહેશત હતી પરંતુ પ્રજાએ ભલે ભીડભાડવાળી જગ્યામાં ગયા પરંતુ કોરોના રસીકરણના બે ડોઝ લેવામાં જાગૃતતા દાખવી હોવાથી લાપરવાહી છતાં કોરોનાનું સંક્રમણ ફેલાયું ન હતું. પરંતુ અન્ય રાજ્યમાં પ્રવાસે ગયેલા જિલ્લાના કેટલાંક લોકો પ્રવાસ દરમ્યાન સંક્રમિત થતાં જિલ્લામાં કોરોનાનું અણધાર્યું આગમન થયું છે. સાબરકાંઠામાં ૪ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા પછી તકેદારીના તમામ પગલાં ભરવામાં સફળ રહ્યું હતું. જેથી કોરોનાનું સંક્રમણ વધુ પ્રસર્યું નથી. જ્યારે અરવલ્લીના મોડાસામાં કોરોના સંક્રમિત પુરુષ કેસ નોંધાતા આરોગ્ય વિભાગે પરીવારના તમામ સભ્યોને નિગરાણી હેઠળ લઈ તકેદારી દાખવી છે. ટુંકમાં જિલ્લામાંથી અન્ય રાજ્યમાં પ્રવાસે ગયેલા લોકો ઘરે પરત ફરે ત્યારે આરોગ્ય વિભાગે તેમના આર.ટી.પી.સી.આર. રીપોર્ટ ચકાસ્યા પછી જ તેમને ગૃહપ્રવેશ માટે છુટ આપવી જોઈએ અને સંક્રમિત હોય તો અલાયદી વ્યવસ્થા કરવી પડશે અન્યથા કોરોનાનું સંક્રમણ લાખો રૂપિયાનો ખર્ચ કરતાં લગ્નના યજમાનોના માટે મુશ્કેલી પેદા કરી શકે છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સરપંચ બનવા યુવાઓમાં થનગનાટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની મુદત પુર્ણ કરતી ગ્રામ પંચાયતોમાં સરપંચ બનવા માટે યુવાઓમાં થનગનાટ જોવા મળી રહ્યો છે. મહિલા સરપંચ સીટ અનામત આવી છે ત્યાં સરપંચ પદમાં વધુ ખેંચતાણની સાથે ચુંટણી લડવાનો ખર્ચ પણ રૂા.૩૦ થી ૫૦ લાખને આંબી જાય તેવી સંભાવના અત્યારથી જોવા મળી રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં ચુંટણી પંચાયતોની ચુંટણી રાજકીય પક્ષો માટે પ્રજાનો રૂખ જાણવા માટે અત્યંત મહત્વની બની રહેશે. જોગાનુજોગ આવતા વર્ષે આ દિવસો દરમ્યાન વિધાનસભાની સામાન્ય ચુંટણી યોજાવાની છે જેથી ભાજપ-કોંગ્રેસ તેમજ અન્ય રાજકીય પક્ષો સરપંચ પદની ચુંટણીના પરીણામો ઉપરથી કયા વિસ્તારોમાં અત્યારથી મહેનત કરવી પડશે તેનું આંકલન શરૂ કરશે. રાજ્ય સરકારે દરેક ગ્રામ પંચાયતોની ચૂંટણીના જંગને પણ ટક્કર મારે તે રીતે આ વખતે પંચાયતોનો ચુંટણી જંગ યોજાવાનો છે. ઉમેદવારોએ ઠેકઠકાણે પોતાના કાર્યાલય શરૂ કર્યા છે અને વિવિધ સમાજના આગેવાનોને મેદાનમાં ઉતારી પોતાના અને પેનલને મત મળે તે પ્રકારનું આયોજન કરવાની સાથે પૈસાની કોથળીઓ ખુલ્લી મુકી કાર્યકરો મતદારો માટે મનગમતાં વ્યંજન અને ઠંડી ઉડાડે તેવા પીણાં પીરસવામાં આવી રહ્યા છે.

મહિલા સરપંચ સીટ અનામત આવી ત્યાં વધુ ખેંચતાણની સંભાવના : ગ્રામ્ય વિસ્તારોમાં ભોજન સાથે મહેફિલો શરુ, પોલીસે આંખો બંધ કરી

જાહેરનામું બહાર પડતાં સરપંચ પદના ઉમેદવારોએ ભોજન સાથે મહેફિલો શરુ કરી છે.

જિલ્લામાં ભરશિયાળે ચુંટણી જાહેર થતાં ગામેગામ દિવસ અને રાત્રે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ચુંટણી કોઈપણ હોય તેમાં દારૂની રેલમછેલ અને ભોજનના મેળાવડા યોજાતા હોય છે અને ચુંટણીપંચે જાહેર કરેલા ખર્ચ કરતાં પણ વધુ ખર્ચ થતો હોવા છતાં બધું જ નજર અંદાજ કર્યા વગર કોઈ ઉપાય રહેતો નથી. જિલ્લાની ૪૫૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણી આગામી તા.૧૯ ડિસેમ્બરે યોજાવાની છે. જિલ્લાની ૭૩૦ પૈકી ૬૨ ટકા ગ્રામ પંચાયતોમાં કોઈપણ પ્રકારના ભેદભાવ વગર વિકાસના કામો માટે માતબર ગ્રાન્ટ ફાળવી છે. તે જોતાં વર્તમાન સરકાર માટે પ્રજામાં લગાવ હોય તે સ્વભાવિક બાબતે છે. ગ્રામ પંચાયતની ચુંટણી સ્થાનિક સબંધો અને કામના આધારે મત મેળવીને જીતવામાં આવતી હોય છે. જેથી ગ્રામ પંચાયતની ચુંટણીમાં ધુરંધર ઉમેદવારો પણ ઘર ભેગા થતા હોય છે. જ્યારે કેટલાંક વિસ્તારોમાં એક જ રાજકીય પક્ષના બે થી ત્રણ ઉમેદવારો ઉભા રહેતા હોવાથી કાર્યકરો અને આખા ગામના મતદારોની મુશ્કેલી વધતાં તેઓ ચુંટણી દરમ્યાન મૌન ધારણ કરી જતાં હોય છે. વિધાનસભાની આગામી તા.૧૮ ડિસેમ્બર સુધી જિલ્લામાં દારૂબંધી નથી તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જિલ્લામાં સરપંચ અને વોર્ડના ઉમેદવારોને દારૂ જોઈતો હશે તો બુટલેગરો કરતાં ખુદ પોલીસ આસાનીથી દારૂ પહોંચાડે તેવું પણ બની શકે કારણકે છેલ્લા ૪ મહિનામાં દારૂના વેપલામાં અને ડુપ્લીકેટ દારૂના ઉત્પાદનમાં ખાખી વર્દીની સંડોવણી બહાર આવતા પોલીસની આબરૂના ધજાગરા ઉડી રહ્યા છે. ખાખી વર્દી સાથે ગદ્દારી કરતા જૂજ કર્મચારીઓના કારણે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની બદનામી થઈ રહી છે તે પણ ભુલાવું ન જોઈએ.

વલ્ડ બેંકની ટીમે કેશરપુરા પ્રાથમિક શાળાની મુલાકાત લીધી

ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે વિશ્વ બેંક ૨.૫ મિલિયન ડોલરનુ અનુદાન આપશે : ઇડરની પ્રશિક્ષણ તાલીમ સંસ્થા ડાયટની મુલાકાત લીધી

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાની કેશરપુરા પ્રાથમિક શાળાની વર્લ્ડ બેંક ની ટીમ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. શિક્ષણક્ષેત્રે ગ્રીનસ્કૂલનું ખુબ જ મહત્વ છે. અને રાજ્યમાં અને સાબરકાંઠા જિલ્લામાં આવી ગ્રીનસ્કૂલની સંખ્યામાં વધારો થાય તે માટે ખાસ ચર્ચા વિચારના કરી હતી અને શાળાના વિધ્યાર્થી દ્વારા ટીમને શાળા અંગે જાણકારી અપાઈ હતી.

બાળ શિક્ષણ વધુ મજબૂત અને બાળકોનું શારીરિક, માનસિક અને બૌધ્ધિક વિકાસ પોતાના પર્યાવરણમાં થાય તે હેતુથી શિક્ષણ અપાય તે ખુબ જરૂરી છે બાળક મુક્ત રીતે વિચારી શકે અને સરકારી શાળાઓ પ્રત્યે લોકોનુ વલણ સુધરે અને શાળાઓને અત્યાધુનિક બનાવવા વિશ્વ બેંક દ્વારા ગુજરાતને ૨.૫ મિલિયન ડોલરનું ભંડોળ મળશે. જે અંતર્ગત આ મુલાકાત દરમિયાન ટીમ દ્વારા કેસરપુરા પ્રાથમિક શાળામાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ જેવી કે બાળ ડોક્ટર, બાલ બચત બેંક, ઔષધ બાગ, કિચન ગાર્ડન, ગ્રીન હાઉસ, હેલ્થ કોર્નર, અક્ષય પાત્ર સ્માર્ટ ક્લાસ, સેનેટરી

પેડ એ.ટી.એમ, ભાષા કોર્નર જેવી પ્રવૃતીઓથી પ્રભાવિત થયા હતા.

આ ટીમના સભ્ય સુશ્રી નેહા વ્યાસે જણાવ્યું હતું કે બાળકોનો વિકાસ કુદરતી વાતાવરણમાં થાય સાથે પર્યાવરણ પ્રત્યે લગાવ વિકસાવી તેમનો આંતરિક વિકાસ કરવા પર ખાસ ભાર મૂકવામાં આવે છે. ટીમ દ્વારા આ શાળાના કોન્સેપ્ટ ની પ્રશંસા કરવામાં આવી હતી. સાથે બાળકનો આંગણવાડી થી લઈ પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ સુધી તેમના વિકાસ ધ્યાન રાખવા જણાવ્યું હતું. શિક્ષકો અને બાળકો વચ્ચેના સંબંધો પણ ખુબજ આગવી ભૂમિકા ભજવે છે આ બાળકો આવનાર ભવિષ્ય માટે તૈયાર થાય છે તેમને ડિજિટલ શિક્ષણ સાથે કઈ જગ્યાએ કઈ વસ્તુની જરૂરિયાત છે તે વલ્ડ બેંક ટીમ દ્વારા પૂર્ણ કરવામાં આવશે.

ગ્રીન સ્કુલ એટલે પર્યાવરણ બાળકના વિકાસમાં પર્યાવરણ અને કૌટુંબિક વાતાવરણ, શિક્ષણ કે શિક્ષકનું બાળક પ્રત્યેનું વલણ વગેરે બાબતોએ ચર્ચા કરવામાં આવી હતી. કોરોના જેવી મહામારી માટે બાળકોને આજે તૈયાર કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો. આ સાથે પ્લાસ્ટીક મુક્ત ભારત અભિયાનને સફળ બનાવવા માટે પણ પ્રયાસ કરવા જણાવ્યું હતું.

શાળાની મુલાકાત બાદ ટીમ દ્વારા ઈડર પ્રશિકણ તાલીમ સંસ્થા ડાયેટની મુલાકાત લીધી હતી.આ મુલાકત સમયે જિલ્લા વિકાસ અધિકારીશ્રી નિતિન સાંઘવાન ઉપસ્થિત રહ્યા હતા અને ટીમ દ્વારા પ્રેઝન્ટેશન નિહાળવામાં આવ્યું હતું.જિલ્લા કક્ષાનું શિક્ષણ તાલીમ ભવન ડાયેટનું પ્રેઝન્ટેશન નિહાળ્યું હતું અને પ્રાચાર્યશ્રી અને તેમની ટીમ દ્વારા કરેલા વિશિષ્ટ શિક્ષણ કાર્યથી પ્રભાવિત થઈ સંતોષ વ્યક્ત કર્યો હતો. આ મુલાકાત સમયે વલ્ડ બેંક ટીમના સભ્ય સુશ્રી સારા, કેન્દ્ર સરકારના અગ્રણીશ્રી કમલેશ, અનીલ ઉપાધ્યાય સર્વ શિક્ષા ગાંધીનગર, જિલ્લા શિક્ષણાધિકાર શ્રી વ્યાસ, ડીપીઓ શ્રી ચૌધરી, ડાયેટ પ્રાચાર્યશ્રી કે.ટી. પુરણીયા, ટી.પી.ઓ શ્રી તરુણાબેન તેમજ ડાયેટ શિક્ષણ વિભાગના કર્મિઓ હાજર રહ્યા હતા.

ચૂંટણી જાહેર થતાં મેઘરજમાં સરપંચ બનવા દાવેદારો મેદાનમાં

યુવાનોના હાથમાં કમાન સોપવા યુવાનો ઉત્સાહી

મેઘરજ તા. ૨૫ સરપંચની ચૂંટણી જાહેર થતાં જ ચૂંટણી લડવા ઈચ્છુંક ઉમેદવારો તલપાપડ બન્યા છે. અને ખાટલા બેઠકોનો દોર શરૂ કરી દીધો છે. મેઘરજનગર વિકાસની હરણફાળમાં અન્ય મોટા શહેરોની માત્રામાં પાછળ રહ્યું છે. ત્યારે આ વખતે લોકો માત્ર વાતોના વડા કરતા આગેવાનોથી દૂર રહી મહેનતુ અને કર્મઠ વ્યક્તિના હાથમાં કમાન સોંપે તેવું લાગી રહ્યું છે. પ્રજાહિતની મોટી મોટી વાતો કરનાર અને વાયદાઓ કરનાર ચૂંટાયા બાદ જાહેર હિતના કામો કરવાનાં બદલે વ્યક્તિ હિતના કામો કરવામાં જ રચ્યા પચ્યા રહેતા હોય છે.ત્યારે આ વખતે પ્રજા સમજી ગઈ છે અને જુઠ્ઠા વાયદા અને વચનો આપનારને લપડાક મળી શકે તેમ છે.

મેઘરજમાં ઉમેદવારોએ સરપંચ અને સભ્યો માટે ચોકઠા ગોઠવવાના શરૂ કરી દીધું છે ત્યારે પ્રજા પ્રજા હિતના કામોમાં ઉત્સાહ પૂર્વક રસ દાખવનારની જ આ વખતે લોકો તરફેણ કરશે તેવું લાગી રહ્યું છે.અને કેટલાક અમે કહીએ એજ સરપંચ થાય તેવી ધારણા રાખનાર આગેવાનને ઉધા માથે કરી દેશે તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે.